# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ००७

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/149 Dt. 22/09/2025

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## SGCCI, PFRDA અને FICCI દ્વારા સંયુકતપણે 'કોર્પોરેટ્સ માટે નેશનલ પેન્શન સિસ્ટમ (NPS)' વિષે ઈન્ટરેક્ટિવ સેશન યોજાયું

### નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) માત્ર પેન્શન યોજના નથી, પરંતુ શિસ્તબદ્ધ બચત અને આર્થિક સુરક્ષાનું એક મજબૂત પાયાનો સ્તંભ છે : પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA)ના ચીફ જનરલ મેનેજર શ્રી સુમિત કુમાર

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) અને ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI)ના સંયુકત ઉપક્રમે શુક્રવાર, તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) વિષે ઇન્ટરેક્ટિવ સેશન યોજાયું હતું.

૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીમાં નેશનલ પેન્શન સિસ્ટમ અને અટલ પેન્શન યોજના અંતર્ગત કુલ રકમ રૂપિયા ૧૫.૭૭ લાખ કરોડ સુધી પહોંચી છે અને દેશભરમાં ૮.૯૨ કરોડથી વધુ સબ્સ્ક્રાઇબર્સ જોડાયા છે. નેશનલ પેન્શન સિસ્ટમ હેઠળ ગુજરાત આખા ભારતમાં પ્રાઇવેટ સેકટરમાં ભાગીદારી બાબતે આગવું રાજ્ય બની રહ્યું છે, જ્યાં ૩,૬૬,૫૮૫થી વધુ સબ્સ્ક્રાઇબર્સ અને ૧૫૦૦થી વધુ કોર્પોરેટ્સ નોંધાયા છે. ગુજરાત રાજ્યનું આર્થિક કેન્દ્ર સુરત, જે એમએસએમઇ અને કોર્પોરેટ સેકટર માટે જાણીતું છે ત્યાં પણ નેશનલ પેન્શન સિસ્ટમ અંગે વધતી જાગૃતિ જોવા મળી રહી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, આ કાર્યક્રમનો હેતુ કોર્પોરેટ્સને નેશનલ પેન્શન સિસ્ટમની રચના, તેના ટેક્ષ લાભો અને દીર્ઘકાલીન આર્થિક સુરક્ષામાં તેની ભૂમિકા વિષે માર્ગદર્શન આપવાનો હતો.

પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA)ના ચીફ જનરલ મેનેજર શ્રી સુમિત કુમારે જણાવ્યું હતું કે, નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) માત્ર પેન્શન યોજના નથી, પરંતુ શિસ્તબદ્ધ બચત અને આર્થિક સુરક્ષાનું એક મજબૂત પાયાનો સ્તંભ છે.

પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA)ના આસિસ્ટન્ટ જનરલ મેનેજર મીસ ખુશ્બુ શુકલાએ નેશનલ પેન્શન સિસ્ટમ હેઠળ રિટાયરમેન્ટ બેનિફીટ સ્કીમ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. જ્યારે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી પ્રજ્ઞેશ જગાશેઠે નેશનલ પેન્શન સિસ્ટમના ફાયદા અને ટેક્ષના લાભો વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

ફિકકી– ગુજરાત સ્ટેટ કાઉન્સીલ હેડ શ્રી બિજુ નામ્બૂથિરિએ જાગૃતિ વધારવા પર ભાર મુકતા જણાવ્યું હતું કે, રિટાયરમેન્ટ પ્લાનિંગમાં નેશનલ પેન્શન સિસ્ટમ એક વિશ્વસનીય સાધન બની રહ્યું છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઉદ્યોગ સાહસિકો અને કોર્પોરેટ્સના પ્રતિનિધિઓ સેશનમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરની લેબર લો કમિટીના ચેરમેન શ્રી સોહેલ સવાણીએ સેશનનું સમગ્ર સંચાલન કર્યુ હતું.